**માહિતી - ગ્રામ વિકાસ સંસ્થા, ધોલેરા દ્વારા ખેડૂતોના હિતમાં સેવા કાર્ય**

# 'બંસીધર કૃષિ એવમ પશુપાલન પ્રોડ્યુસર કંપની લિ.' ભાલ પંથકમાં સજીવ ખેતીનો વ્યાપ વધારવા પ્રયાસ

- બે હજાર ખેડૂતોને ઓર્ગેનિક ખેતી તરફ વાળી ખેડૂતોને પાંચ હજારની સરકારી સહાય અપાવી ખેડૂતોની આજીવિકા બહેતર બનાવવાનો પ્રયાસ
- સભાસદોની સંખ્યા ૩૪૧ સુધી પહોંચી
- ગત સાલ ૨૦૧૯-૨૦નું વાર્ષિક ટર્નઓવર રૂા. ૧૬.૯૯ લાખ
- આ સાલ ટર્નઓવર વધે તેવી ધારણા
- ઓર્ગેનિક કપાસ, ભાલિયા ઘઉં, ભાલિયા દેશી ચણા સહિતની જણસોમાં ટ્રેડિંગનું કાર્ય
- ધરતીપુત્રોને સેન્દ્રીય ખેતી અંગે ખાસ તાલિમ

**કૃષિ સંવાદદાતા,**
**રાજકોટ, તા. ૬**

અમદાવાદ જિલ્લાના ધોલેરા પંથકમાં ખંભાતના અખાતની આસપાસના દરિયા કાંઠાના પંદર ગામોના ખેડૂતો માટે 'બંસીધર કૃષિ એવમ પશુપાલન પ્રોડ્યુસર કંપની લિમિટેડ' દ્વારા ખૂબ જ ઉમદા કાર્ય કરવામાં આવી રહ્યું છે. કૃષિ ક્ષેત્રના ઉત્થાન માટે કાર્યરત આ ખેડૂત ઉત્પાદક સંગઠને સંગઠિત કરવામાં માહિતી - ગ્રામ વિકાસ સંસ્થા, ધોલેરાનો મુખ્ય ફાળો રહ્યો છે.

'બંસીધર કૃષિ એવમ પશુપાલન પ્રોડ્યુસર કંપની લિમિટેડ' ના એમ.ડી. દીનેશભાઈ પંડ્યાએ 'કૃષિ પ્રભાત'ને જણાવ્યું હતું કે," અમારા ખેડૂત સંગઠન દ્વારા ભાલ પંથકમાં ખેતી સાથે સંકળાયેલા ખેડૂતો સહિતના તમામ લોકોને સંગઠિત કરી તેમનામાં ખેતીને લઈને સમતાવર્ધક ઉર્જા જાગે તે અંગેના વિશેષ પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. દરમિયાન ખેડૂતોને ખેત પેદાશોના સારા ઉત્તમ ભાવ મળે તેમજ ખેડૂતોની આજીવિકા બહેતર બને તે માટે સંગઠન દ્વારા વિવિધ કાર્યક્રમો થઈ રહ્યા છે. ખેડૂત સંગઠનની મદદથી અત્યાર સુધીમાં ભાલ પંથકના અંદાજિત બે હજાર જેટલા ખેડૂતો ઓર્ગેનિક ખેતી તરફ વળ્યા છે. ૨૦૧૪-૨૦૧૫માં ખાસ ઓર્ગેનિક ખેતીનો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. ખેડૂતોને સેન્દ્રીય ખેતીની વિવિધ તાલિમો આપવામાં આવી હતી. જેમ કે અમૃત પાણી, વર્મી કમ્પોસ્ટ, સી.પી.પી., અને કમ્પોસ્ટ ખાતર સહિતની ચીજો કઈ રીતે તૈયાર કરવી તે અંગેની સમજણ અપાઈ હતી. દરમિયાન ધરતીપુત્રો છાણિયા ખાતરના ઉપયોગ દ્વારા વિવિધ પદ્ધતિના માધ્યમથી આસાનીથી અસરકારક ઓર્ગેનિક ખેતી કરી શકે તે માટે પણ વિશેષ માર્ગદર્શન અપાયું હતું. જે બે હજાર ખેડૂતોને સંગઠનની મદદથી પારંપરિક મુજબ 'ઓર્ગેનિક સર્ટીફાઈડ ખેડૂત'નું બિરૂદ પ્રાપ્ત થયું હતું. સંગઠનની મહેનતથી



ઓર્ગેનિક ખેતી હેઠળ નોંધાયેલા ખેડૂતોને સજીવ ખેતી નિતી ૨૦૧૫ નિયમ હેઠળ ગુજરાત સરકાર દ્વારા પ્રોત્સાહન રૂપે પ્રતિ હેક્ટર દીઠ રૂપિયા ૫૦૦૦/- ની સહાય ઉપલબ્ધ થઈ રહી છે. સંગઠનની આ કામગીરીને કારણે સમગ્ર પંથકમાં ખેડૂતોમાં ઓર્ગેનિક ખેતી તરફનો ઉત્સાહ વધી રહ્યો હોય તેવું વાતાવરણ ઉભું થઈ રહ્યું છે. સંગઠન દ્વારા ઓર્ગેનિક કપાસના ખેડૂતોને સીધો ફાયદો મળે તે માટે અરવિંદ મિલ્સ સહિતની કંપની સાથે જોડાણ પણ કરાયું છે."

સંગઠનના સૂત્રોએ વધુમાં ઉમેર્યું હતું કે, "બંસીધર ખેડૂત કંપનીની સ્થાપના વર્ષ ૨૦૧૬માં થઈ હતી. તે વખતે નાબાર્ડ દ્વારા નાણાંકીય સહાય કરવામાં આવી હતી. માહિતી - ગ્રામ વિકાસ સંસ્થા ધોલેરાના સંપૂર્ણ માર્ગદર્શન હેઠળ સંગઠનની સ્થાપના કરાઈ હતી. સ્થાપના વખતે માત્ર વીસ મેમ્બર્સ હતા આજે કંપનીમાં નોંધાયેલા સભાસદોની સંખ્યા ૩૪૧ સુધી પહોંચી ગઈ છે. સંગઠન દ્વારા દર સાલ ખેડૂતોને ઉત્તમ ખેતપેદાશના ભાવ ઉપલબ્ધ થાય તે રીતે ઓર્ગેનિક કપાસ, ભાલિયા ઘઉં, ભાલિયા દેશી ચણા સહિતની જણસોમાં ટ્રેડિંગનું કાર્ય થઈ રહ્યું





છે. ગત વર્ષ ૨૦૧૯-૨૦માં ખેડૂત કંપનીનું વાર્ષિક ટર્નઓવર રૂપિયા ૧૬.૯૯ લાખ નોંધાયું હતું. આ સાલ ટર્નઓવર વધશે તેવો અંદાજ વ્યક્ત થઈ રહ્યો છે. દરમિયાન આ સાલ ખાસ પશુપાલકોને તેમના ઘરે ઉત્તમ ગુણવત્તાના પશુઓનો પશુ આહાર પહોંચી જાય તેવી આગવી વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે. જે પશુ આહારના કારણે દૂધ ઉત્પાદનમાં અને દૂધના ફેટમાં પણ સારો એવો વધારો થઈ જોવા મળ્યો છે."

**ખેડૂત સંગઠનના પ્રગતિશીલ ડિરેક્ટરોનો સાથ**

| ડિરેક્ટરનું નામ | ગામ | હોદ્દો |
|---|---|---|
| દિનેશકુમાર કુબેરદાસ પંડ્યા | ગાંફ | મેનેજિંગ ડિરેક્ટર |
| પરેશભાઈ ભરતભાઈ ડાભાણી | હેબતપુર | ચેરમેન |
| નથુભાઈ ગંગારામ મીર | બુરાનપુર | વાઈસ ચેરમેન |
| હેમંતસંગ મોભતસંગ પરમાર | મુંડી | ખજાનચી |
| જયાબેન જાદવભાઈ મેર | સાંઢીડા | ડિરેક્ટર |
| મંજુભાઈ ચતુરભાઈ મકવાણા | સરગવાળા | ડિરેક્ટર |
| પીંજુભાઈ પોપટભાઈ ચુડાસમા | હેબતપુર | ડિરેક્ટર |
| હીરાબેન વાલજીભાઈ ચાવડા | ઓતારીયા | ડિરેક્ટર |
| અરૂણાબેન જગદીશભાઈ રાઠોડ | દેવપુરા | ડિરેક્ટર |
| જગદીશભાઈ મેઘાભાઈ ડિંગલ | ધમાડ | CEO |